Sandesh

EDII

(Citylife)
September 26, 2018
Pg.1

# આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ કેમ્પમાં IOTનું લાઇવ પ્રેઝન્ટેશન કરાયું

**કમ્પ્યૂટર, ઈ.સી. અને ઈલેક્ટ્રિક્સ ડિપાર્ટમેન્ટનાં ૧,૦૦૦થી વધુ સ્ટુડન્ટ્સે આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ કેમ્પમાં પાર્ટિસિપેટ કર્યું**




સ્વામિનારાય ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ખાતે EDII અને ગુજરાત ગવર્નમેન્ટનાં ટેક્નિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ ત્રણ દિવસીય કેમ્પમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સનું લાઈવ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું જેમાં કોમ્પ્યૂટર, ઈ.સી. અને ઈલેક્ટ્રિક્સ ડિપાર્ટમેન્ટનાં ૧,૦૦૦થી વધુ સ્ટુડન્ટ્સે પાર્ટિસિપેટ કર્યું હતું. આ કાર્યક્રમમાં નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટનાં પ્રોજેક્ટ હેડ પી.કે. ઝાએ આંત્રપ્રિન્યોરશિપ, સ્કિલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટ અપ અને ઈનોવેશનમાં દરેક આંત્રપ્રિન્યોરને કેવી રીતે ગવર્નમેન્ટ દ્વારા મદદ મળી શકે છે તે અંગે માહિતી આપી હતી. વધુમાં ધર્મેશ વંડરા દ્વારા અબ્રાહમ લિંકન, બિલ ગેટ્સ જેવા વ્યક્તિઓનાં ઉદાહરણ આપીને ફેલિયર થી કેવી રીતે શીખ મેળવી શકાય તેવી પ્રેરણાદાયક વાત કરી હતી.